# આરોગ્યસંભાળ નાણાકીય સહાયતા નીતિ (HEALTHCARE FINANCIAL ASSISTANCE POLICY) નો સાદી ભાષામાં સારાંશ

## વિહંગાવલોકન

તેના સમુદાયોના સ્વાસ્થ્યને સુધારવાના તેના મિશનના ધ્યેયમાં, ગરીબો અને ઓછી સેવા મેળવનારાઓ પર વિશેષ ભાર મૂકવાની સાથે, અને જીસસના હીલિંગ મંત્રાલયની ભાવનામાં, બોન સિક્યોર્સ મર્સી હેલ્થ (Bon Secours Mercy Health) તેના દર્દીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. આ બોન સિક્યોર્સ મર્સી હેલ્થ હેલ્થકેર ફાયનાન્શિયલ આસિસ્ટન્સ (Bon Secours Mercy Health Healthcare Financial Assistance, HFA) નીતિનો સારાંશ છે.

## નાણાકીય સહાયની ઉપલબ્ધતા

નાણાકીય સહાય માટેની પાત્રતા દર્દી અથવા તેના/તેણી માટે બાંયધરી આપનાર માટેના તમામ ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કર્યા પછી ચૂકવણી કરવાની ક્ષમતા દ્વારા અને તમામ ઉપલબ્ધ સહાય કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવામાં આવ્યા પછી નક્કી કરવામાં આવે છે. બોન સિક્યોર્સ મર્સી હેલ્થ હોસ્પિટલ (Bon Secours Mercy Health hospitals) (અને અમુક અન્ય પ્રદાતાઓ) દ્વારા પૂરી પાડવામાં આવતી કટોકટીની અને અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે જેઓને બોન સિક્યોર્સ મર્સી હેલ્થ હોસ્પિટલ (Bon Secours Mercy Health hospitals) દ્વારા સેવા આપે છે તે સમુદાયમાં રહેતા બિનવીમાવાળા અને ઓછા વીમાવાળા, અને જેમની કુટુંબની આવક ફેડરલ ગરીબી માર્ગદર્શિકા (Federal Poverty Guidelines, FPG) કરતાં ચાર ગણા કરતાં વધુ નથી એવા દર્દીઓ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ છે.

## પાત્રતાની જરૂરિયાતો

સામાન્ય રીતે નાણાકીય સહાય FPG પર આધારિત કુલ ઘરગથ્થુ આવકના સ્લાઇડિંગ સ્કેલ દ્વારા નક્કી કરવામાં આવે છે. અમારી નીતિ હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર વ્યક્તિઓ FPG ના 200% આવક સ્તર સાથે અથવા ઓછી નિઃશુલ્ક સંભાળ મેળવતા લોકો છે. 201% થી 300% FPG, અને 301% થી 400% FPGનાં, અનુક્રમે આવક સ્તર ધરાવતી વ્યક્તિઓ, નીતિમાં દર્શાવ્યા મુજબ, સ્લાઇડિંગ સ્કેલ પર આધારિત ડિસ્કાઉન્ટ સાથે સંભાળ મેળવે છે. 201%-300% FPG અને 301% થી 400% FPG માટે ચોક્કસ ટકાવારી ડિસ્કાઉન્ટ, ચાર્જ માસ્ટરમાં ફેરફારોને અનુરૂપ દરેક બજાર માટે આવકના સ્તરો વાર્ષિક ધોરણે અપડેટ કરવામાં આવે છે.

HFA પૉલિસી હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર કોઈ પણ વ્યક્તિ પાસેથી જેમની પાસે આવી સંભાળને આવરી લેવા માટે વીમો છે તેમની પાસેથી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે સામાન્ય રીતે એવી વ્યક્તિઓને બિલ કરવામાં આવતી રકમ કરતાં વધુ ચાર્જ લેવામાં આવશે નહીં. જો કોઈ વ્યક્તિ પાસે સંભાળ લેવા માટેની ચૂકવણી કરવા માટે પૂરતું વીમા કવરેજ હોય અથવા સંપત્તિ ઉપલબ્ધ હોય, તો તે/તેણીને નાણાકીય સહાય માટે અયોગ્ય ગણવામાં આવી શકે છે. વીમા વિનાવીળા એવા દર્દીઓ જેઓ HFA નીતિમાં વર્ણવેલ કોઈપણ નાણાકીય સહાય ડિસ્કાઉન્ટ માટે પાત્ર નથી, તેઓને બોન સિક્યોર્સ મર્સી હેલ્થ (Bon Secours Mercy Health) તેમના હોસ્પિટલના બિલમાં સ્વચાલિત (સ્વ-પગાર) ડિસ્કાઉન્ટ પ્રદાન કરે છે. કૃપા કરીને સંપૂર્ણ સમજૂતી માટે સંપૂર્ણ HFA નીતિનો સંદર્ભ લો.

## અરજી પ્રક્રિયા વિશે

અમારી HFA નીતિ હેઠળ નાણાકીય સહાય માટે અરજી કરવાની પ્રક્રિયામાં આ પગલાં સામેલ છે:

- HFA અરજી ફોર્મ સંપૂર્ણ ભરો અને જરૂરી સહાયક દસ્તાવેજો સામેલ કરો.
  - તમને ઉપલબ્ધ સહાયનું સ્તર નક્કી કરવા માટે અમે તમારી આવક અને પરિવારનું કદ જોઈએ છીએ. અમે ઉપર દર્શાવેલ FPG પર આધારિત સ્લાઇડિંગ સ્કેલનો ઉપયોગ કરીએ છીએ.
  - અમારા માટે એ જરૂરી છે કે પહેલા તમારી સંભાળને આવરી લેતા તમારા અમુક પ્રકારના વીમા લાભો માટેની લાયકાતનું અન્વેષણ કરવું જોઈએ (એટલે કે કામદાર માટેનું વળતર, ઓટોમોબાઈલ વીમો વગેરે). અમે તમને યોગ્ય સંસાધનો માટે નિર્દેશિત કરવામાં મદદ કરી શકીએ છીએ.
- તમે અમારી HFA નીતિ હેઠળ નાણાકીય સહાય માટે પાત્ર છો કે કેમ તે જણાવવા અમે તમારો સંપર્ક કરીશું.
- અમારી HFA નીતિ હેઠળ આવરી લેવામાં આવતાં ન હોય તેવા બાકી રહેલા કોઈપણ ખર્ચ અથવા બિલની ચૂકવણી માટેની યોજના ગોઠવવામાં અમે તમને મદદ કરી શકીએ છીએ.
  - તમે સંચાલિત કરી શકો તે ચૂકવણીઓ સેટ કરવા માટે ચુકવણી યોજના દ્વારા તમારી નાણાકીય પરિસ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

## માહિતી ક્યાંથી મેળવવી

તમે અમારી HFA નીતિ અને HFA અરજી ફોર્મની નકલ તેમજ નાણાકીય સહાય અરજી પ્રક્રિયા વિશેની માહિતી આ રીતે મેળવી શકો છો: (i) અમારી વેબસાઈટોની અહી મુલાકાત લઈને www.bsmhealth.org/financial-assistance, www.mercy.com/financial-assistance, અને www.fa.bonsecours.com, (ii) 1-855-732-0138 પર ટેલિફોન દ્વારા બોન સિક્યોર્સ મર્સી હેલ્થ દર્દી નાણાકીય સેવાઓનો સંપર્ક કરીને, (iii) અહી વિનંતી મેલ કરીને, મર્સી હેલ્થ પબ્લિક બેનિફિટ્સ ડિપાર્ટમેન્ટ, PO Box 631774, Cincinnati, OH 45263-1774, અથવા (iv) અમારા કોઈપણ હોસ્પિટલ સ્થાનો પર અમારા નાણાકીય સલાહકારોનો રૂબરૂ સંપર્ક કરીને (સુવિધાઓ અને સરનામાઓની સંપૂર્ણ સૂચિ માટે સંપૂર્ણ HFA નીતિ જુઓ).

અમે અમારી HFA નીતિ, અરજી ફોર્મ અને આ સારાંશનો તે વસ્તી દ્વારા બોલાતી પ્રાથમિક ભાષાઓમાં અનુવાદ કરીને, બોન સિક્યોર્સ મર્સી હેલ્થ (Bon Secours Mercy Health) દ્વારા સેવા આપવામાં આવતી એવી તમામ નોંધપાત્ર વસ્તીનો સમાવેશ કરીએ છીએ જેઓ અંગ્રેજીમાં મર્યાદિત પ્રાવિણ્ય ધરાવે છે. અમે લાયકાત ધરાવતા દ્વિભાષી દૂભાષિયાના ઉપયોગ દ્વારા અનુવાદક સહાય, અનુવાદ માર્ગદર્શિકાઓ અથવા સહાય પૂરી પાડવામાં પણ મદદ કરી શકીએ છીએ.